# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 16-09-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે, તેમની સરકારનાં પ્રથમ 100 દિવસમાં દેશનો સર્વાંગી અને અસરકારક વિકાસ થયો છે.
- પ્રધાનમંત્રીએ અમદાવાદ અને ભુજ વચ્ચે દેશની પ્રથમ નમો ભારત રેપિડ રેલ સેવાનો પ્રારંભ કર્યો
- શ્રી મોદીએ હરિત વિકાસ અને શૂન્ય કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય હાંસલ કરવા માટે ભારતની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી
- જમ્મુ કાશ્મીર વિધાનસભાની ચૂંટણીનાં પ્રથમ તબક્કાનાં મતદાન માટે પ્રચાર પડઘમ આજે શાંત
- આઠમું ભારત જળ સપ્તાહ આવતી કાલથી શરૂ થશે: નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ભારત મંડપમ ખાતે કાર્યક્રમનું ઉદઘાટન કરશે.
- હોકીમાં, એશિયન ચેમ્પિયનશીપમાં દક્ષિણ કોરિયાને હરાવીને ભારત ફાઇનલમાં પ્રવેશ્યું

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**Guj- PM for national**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, તેમની સરકારની ત્રીજી મુદતનાં પ્રથમ 100 દિવસમાં દેશનો સર્વાંગી અને અસરકારક વિકાસ થયો છે. તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે સમાજનાં તમામ વર્ગ માટે કલ્યાણ કાર્ય કર્યા છે. છેલ્લાં 100 દિવસમાં રેલ, માર્ગ, બંદર અને વિમાન વ્યવહાર અંગેનાં અનેક પ્રોજેક્ટ્સ શરૂ થયા છે. શ્રી મોદીએ આજે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આઠ હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યા બાદ જાહેર સભાને સંબોધન કર્યું હતું.

પ્રધાનમંત્રીએ વર્તમાન યુગને ભારત માટે સુવર્ણ સમય ગણાવતા જણાવ્યું કે દેશ અમૃતકાળમાંથી પસાર થઈ રહ્યો છે અને આગામી 25 વર્ષમાં ભારતને વિક્સિત રાષ્ટ્ર બનાવવાનો ધ્યેય છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, વિક્સિત ભારતનાં સ્વપ્નને સાકાર કરવામાં ગુજરાતની મોટી ભૂમિકા છે. ગુજરાતનાં માળખાકીય વિકાસની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું કે દેશનાં વિકાસમાં ગુજરાતની મુખ્ય ભૂમિકા છે.

શ્રી મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ 30 હજારથી વધુ પાકા મકાનોનાં નિર્માણને મંજૂરી આપી હતી અને આ મકાનો માટે પ્રથમ હપ્તો જમા કરાવ્યો હતો. તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થીઓને આવાસ યોજનાના મકાનોની ચાવી આપી હતી. આ પ્રસંગે તેમણે વધુમાં આ મુજબ જણાવ્યુઃ

**(Byte PM New Home)**

દરમિયાન, પ્રધાનમંત્રીએ અમદાવાદ અને ભુજ વચ્ચે દેશની પ્રથમ નમો ભારત રેપિડ રેલ અને અન્ય છ વંદે ભારત ટ્રેનનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું કે., આગામી દિવસોમાં દેશનાં અન્ય શહેરોમાં પણ નમો ભારત રેપિડ રેલ શરૂ કરવાની યોજના છે. શ્રી મોદીએ આ ટ્રેન સેવા અંગે વધુમાં આ મુજબ જણાવ્યુ

**(Byte.... Namo bharat train)**

શ્રી મોદીએ નાગપુરથી સિકંદરાબાદ, કોલ્હાપુરથી પૂણે, આગ્રા કેન્ટથી બનારસ, દુર્ગથી વિશાખાપટ્ટનમ, પૂણેથી હુબલી વચ્ચે વંદે ભારત ટ્રેન તથા વારાણસીથી દિલ્હી વચ્ચે 20 કોચની વંદે ભારત ટ્રેનને પણ લીલીઝંડી આપી હતી.

આ અગાઉ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પ્રધાનમંત્રીએ રોડ શો યોજ્યો હતો, જ્યાં ખુલ્લી જીપમાં બેસીને તેમણે ઉપસ્થિત લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ દરમિયાન તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય જળસંપત્તિ મંત્રી અને ગુજરાત ભાજપનાં પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ પણ ઉપસ્થિત હતા.

અગાઉ, આજે સવારે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં ચોથી વૈશ્વિક નવીનીકરણીય ઊર્જા રોકાણકાર સંમેલનને સંબોધતા પ્રધાનમંત્રીએ પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજના રાષ્ટ્રને સમર્પિત કરી હતી.

પ્રધાનમંત્રીએ હરિત વિકાસ અને શૂન્ય કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય હાંસલ કરવા માટે ભારતની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું કે, ભારત વિકાસશીલ દેશ હોવા છતાં પેરિસમાં નક્કી કરેલી જળવાયુ પરિવર્તન અંગેની પ્રતિબધ્ધતા નવ વર્ષ પહેલાં પૂર્ણ કરી છે. તેમણે અયોધ્યા સહિત દેશનાં 17 શહેરોને સોલર સિટી તરીકે વિક્સાવવાની યોજના જણાવી હતી.

પ્રધાનમંત્રી આવતીકાલે સવારે ઓડિશાની મુલાકાતે જશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## J&K-AMIT SHAH

જમ્મુ કાશ્મીર વિધાનસભાની ચૂંટણીનાં પ્રથમ તબક્કાનાં મતદાન માટે પ્રચાર પડઘમ આજે શાંત થઈ ગયા છે. કિશ્તવાડ, ડોડા અને રામબનની 8 વિધાનસભા બેઠકો સહિત કુલ 24 વિધાનસભા ક્ષેત્રમાં પ્રચારનો આજે છેલ્લો દિવસ હતો, જ્યાં 18 સપ્ટેમ્બરે પ્રથમ તબક્કામાં મતદાન થશે.

દરમિયાન, ભાજપના વરિષ્ઠ નેતા અને ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદને પુનર્જીવિત કરવાના પ્રયાસો થઈ રહ્યા છે, અને કેન્દ્રશાસિત પ્રદેશમાં તેને "એટલા સ્તરે દફનાવવામાં આવશે" કે તે ફરી ક્યારેય વધી શકશે.

કિશ્તવાડના પેડર-નાગસેની ખાતે એક ચૂંટણી રેલીને સંબોધતા શ્રી શાહે કહ્યું કે નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ ગઠબંધન જમ્મુ અને કાશ્મીરમાં સરકાર બનાવી શકશે નહીં. તેમણે કહ્યું કે એનસી અને કોંગ્રેસના નેતાઓ કહી રહ્યા છે કે જો તેઓ સરકાર બનાવશે તો તેઓ કલમ 370 પુનઃસ્થાપિત કરશે.ભાજપ દ્વારા આપવામાં આવેલી અનામત  પહાડીઓ ,ગુર્જરો અને અન્ય લોકો પાસેથી છીનવી લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે,  પખવાડિયામાં શ્રી શાહની જમ્મુ ક્ષેત્રની આ બીજી મુલાકાત હતી.

## BHARAT JAL SAPTAH

આવતી કાલથી નવી દિલ્હીમાં આઠમું ભારત જળ સપ્તાહ 2024 શરૂ થશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ભારત મંડપમમાં કાર્યક્રમનું ઉદઘાટન કરશે. ચાર દિવસનાં આ કાર્યક્રમ દરમિયાન 40 દેશનાં 200થી વધુ વિદેશી પ્રતિનિધીઓ સહિત લગભગ ચાર હજાર પ્રતિનિધી ભાગ લેશે. પ્રદર્શન દરમિયાન 200થી વધુ પ્રદર્શક અને સ્ટાર્ટઅપ જળ ક્ષેત્ર અંગે પોતાનાં વિચારો રજૂ કરશે.

નવી દિલ્હીમાં જળ શક્તિ મંત્રાલયના સચિવ દેબાશ્રી મુખરજીએ જણાવ્યું કે, સારા જળ સંચાલનથી દેશની આર્થિક વૃધ્ધિમાં ઝડપ આવશે. તેમણે જણાવ્યું કે, આ આયોજન જળ સંસાધનનાં ક્ષેત્રનાં વિશ્વભરનાં નિર્ણયકર્તાઓ, શોધકર્તાઓ,

નિષ્ણાતો, સંશોધકો અને હિતધારકોને પોતાના વિચારો અને મંતવ્યો રજૂ કરવાનાં વૈશ્વિક મંચ પ્રદાન કરશે. તેમણે જણાવ્યું કે, આ કાર્યક્રમનું વિષય વસ્તુ છે- સમાવેશી જળ વિકાસ અને સંચાલન માટે ભાગીદારી અને સહયોગ.

## UTTARAKHAND-PILGRIMS

ઉત્તરાખંડમાં પિથોરાગઢ જિલ્લામાં આદિ કૈલાશ યાત્રનાં માર્ગમાં વિવિધ સ્થળોએ અટવાઈ ગયેલા યાત્રીઓને સલામત રીતે ઉગારી લેવામાં આવ્યા છે. શ્રધ્ધાળુઓને હેલિકોપ્ટર દ્વારા બચાવીને ધારચુલાનાં આર્મી હેલિપેડ ખાતે લઇ જવામાં આવ્યા છે. હેલિકોપ્ટરે ધારચુલાથી 14 ખેપ મારીને બુંદી, ખેલા અને સિરખા વિસ્તારમાંથી કુલ 63 યાત્રીઓને સલામત બચાવી લીધા છે, જેમાં 46 આદિ કૈલાશ યાત્રીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઊંચાઇ પરનાં ગામડાંમાં રહેતા 17 લોકોને પણ સલામત રીતે ધારચુલા લઈ જવામાં આવ્યા હતા. રાહત અને બચાવ કાર્ય હજુ પણ ચાલુ છે.

ઉલ્લેખનીય છે કે, 13 સપ્ટેમ્બરે ભારે વરસાદ અને ભૂસ્ખલનને પગલે આદિ કૈલાશ યાત્રાનાં માર્ગ પર શ્રધ્ધાળુઓ ફસાઈ ગયા હતા. સ્થાનિક વહીવટીતંત્રનાં જણાવ્યા પ્રમાણે આગામી બે ત્રણ દિવસમાં યાત્રાનો માર્ગ પૂર્વવત કરવામાં આવશે.

## EID SHUBHECCHA

પયગંબર મોહમ્મદના જન્મદિવસ ઈદ-એ-મિલાદ-ઉન-નબીની આજે દેશના વિવિધ ભાગોમાં ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે ઇદ-એ-મિલાદની  શુભેચ્છાઓ પાઠવી હતી.

## PIYUSH GOYAL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે આજે નવી દિલ્હીમાં ભારત સ્ટાર્ટઅપ નોલેજ એક્સેસ રજીસ્ટ્રી- ભાસ્કરનો પ્રારંભ કર્યો હતો.

ભાસ્કર એ ઇન્ટરએક્ટિવ ઓનલાઇન પ્લેટફોર્મ છે, જે સ્ટાર્ટઅપ્સ, સર્વિસ પ્રોવાઇડર્સ અને નિયમનકારી સંસ્થાઓ સહિતનાં ઔદ્યોગિક એકમોનાં હિતધારકોમાં સહયોગનું કેન્દ્રીયકરણ કરીને તેને સરળ બનાવશે.

## NEW EVE HOCKEY ASIAN CHAMPIONSHIP

ચીનના હુલુનબુર ખાતે રમાઈ રહેલી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી 2024માં ભારત દક્ષિણ કોરિયાને 4-1થી હરાવીને ફાઇનલમાં પહોંચ્યું છે. હરમનપ્રીત સિંહે બે ગોલ કર્યા હતા જ્યારે બીજી સેમિફાઈનલમાં ઉત્તમ સિંહ અને જર્મનપ્રીત સિંહે એક-એક ગોલ ફટકાર્યો હતો.

ભારત હવે સતત બીજો ગોલ્ડ મેળવવા માટે આવતીકાલે બપોરે 3:30 વાગ્યે યજમાન ચીનનો સામનો કરશે.

ઉલ્લેખનીય છે કે, ટ્રોફીની પ્રથમ સેમિફાઇનલમાં પાકિસ્તાન શૂટઆઉટમાં ચીન સામે 0-2થી હારી ગયું હતું.

આ ટુર્નામેન્ટમાં ભારત એકમાત્ર અજેય ટીમ છે જેણે ચીનને 3-0, જાપાનને 5-1, મલેશિયાને 8-1, કોરિયાને 3-1 અને પાકિસ્તાનને 2-1થી હરાવ્યું હતું.

## REV NAVAL COMMANDER CONFERENCE

આવતીકાલથી નવી દિલ્હીમાં નેવલ કમાન્ડર્સ કોન્ફરન્સની બીજી આવૃત્તિનો આરંભ થશે. દર બે વર્ષે યોજાતી સર્વોચ્ચ સ્તરની આ કોન્ફરન્સમાં નૌકા દળનાં કમાન્ડર વચ્ચે મહત્વપૂર્ણ વ્યૂહાત્મક, ઓપરેશનલ અને વહીવટી મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવે છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે, ચાર દિવસનાં આ સંમેલનનું ઉદ્ઘાટન નૌકાદળના વડા કરશે. તેઓ છેલ્લા છ મહિનામાં ભારતીય નૌકાદળ દ્વારા હાથ ધરવામાં આવેલી મુખ્ય ઓપરેશનલ, લોજિસ્ટિક, પ્રશિક્ષણ અને વહીવટી પ્રવૃત્તિઓની સમીક્ષા કરશે અને દરિયાઈ હિતોની સુરક્ષા માટે મુખ્ય સીમાચિહ્નો પાર કરવા અંગે વિચારણા કરશે. ભૌગોલિક-રાજકીય અને ભૌગોલિક-વ્યૂહાત્મક

ગતિશીલતા, પ્રાદેશિક પડકારો અને પશ્ચિમ એશિયામાં દરિયાઈ સુરક્ષાની પરિસ્થિતિઓમાં જટિલતાની પૃષ્ઠભૂમિ સામે યોજાનારી આ પરિષદ ભારતીય નૌકાદળના ભવિષ્યને આકાર આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

કોન્ફરન્સ દરમિયાન, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ગુરુવારે નેવલ કમાન્ડર્સને રાષ્ટ્રીય સુરક્ષા અને રાષ્ટ્રીય અપેક્ષાઓ સાથે સંબંધિત બાબતો પર સંબોધિત કરે તેવી શક્યતા છે. ભારતીય સેના અને વાયુસેનાના વડાઓ સાથે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ ત્રણેય સેનાઓ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવા માટે નેવલ કમાન્ડર્સ સાથે જોડાશે.

આ કોન્ફરન્સ દરમિયાન, કમાન્ડર્સ 2047 સુધીમાં પૂર્ણ આત્મનિર્ભરતાના વિઝનને અનુરૂપ મેક ઇન ઇન્ડિયા દ્વારા સ્વદેશીકરણને વધારવા માટે ચાલી રહેલા નેવલ પ્રોજેક્ટ્સની પણ સમીક્ષા કરશે.